**<u>ઇનોવા તથા ફોર્ચ્યુનર ફોર વ્હીલ ગાડી ચોરી કરતી બિન્નોઇ ગેંગના સાગરીતને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ</u>**

સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટોયોટા કંપનીની ઇનોવા તથા ફોર્ચ્યુનર ફોર વ્હીલ ગાડીની ચોરી થવા લાગેલ જે બાબતે પો.સ.ઈ.શ્રી એમ.એસ.ત્રિવેદી તથા પો.સ.ઇ. આઇ.એસ.રબારી નાઓને મળેલ બાતમી આધારે ઉધના મગદલ્લા રોડ અણુવ્રત દ્વાર પાસેથી આરોપી-રૂપારામ ઉર્ફે પપ્પુ માનારામ ખીલેરી (બિન્નોઇ) ઉ.વ. ૨૬ રહે, ગામ-પુનાસા પોસ્ટ. ભીનમાલ જી.ઝાલોર નાને એક નંબર વગરની ઇનોવાકા કિ.રૂ.૧૦૦૦૦૦૦/-ની મત્તાની સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ મજકુર આરોપી પાસેથી મળી આવેલ ઇનોવા કાર બાબતે પુછતા હકીકત જણાવેલ કે, મજકુર આરોપી તથા સહ આરોપીઓ માંગારામ ઉર્ફે માંગીલાલ સુથાર તથા ઓમપ્રકાશ બિન્નોઇ નાઓએ સાથે મળી જાન્યુઆરી મહિનામાં મુંબઇથી ગાડી ચોરી કરી પોતાના ગામ ખાતે લઇ જઇ તેના ચેસીસ નંબર ઘસી નાંખેલ અને પોતાના ઉપયોગ માટે ફેરવતો હોવાની હકીકત જણાવેલ મજકુર આરોપી પાસેથી વધુ વિગત જાણવા મળેલ કે, તેઓની કુલ સાત લોકોની ટોળકી છે. જે ટોળકીમાં (૧) માંગારામ ઉર્ફે માંગીલાલ સુથાર રહે, ગામ થોબઉ પો.સ્ટે. ઝાબ જી.ઝાલોર (૨) ઓમપ્રકાશ લાધુરામ બિન્નોઇ રહે, રોહિલા પુરબ પોસ્ટે.ધોરીમના જી.બાડમેર (૩) પ્રકાશ હરીરામ શીયાક રહે, ગામ-ભેરૂડી પોસ્ટે.ધરીમના જી. ઝાલોર (૪)બલવીર ઉર્ફે વીરારામ લોલ રહે, વિયોકા ગોલીયા ગામ પો.સ્ટે.ભીનમાલ જી. ઝાલોર (૫) અશોકસીંહ બિન્નોઇ (૬)અનિલ બિન્નોઇ સામેલ છે. જેઓ અલગ અલગ જગ્યાએ રાત્રીના સમય ફોર વ્હીલ ગાડી લઇને ચોરી કરવા જતા અને ગાડી ચાલુ કરી ગાડી ચોરી કરી પરત ચાલી જતા. મજકુર આરોપીઓ રાજસ્થાનથી દુરના સ્થળે ચોરી કરવા જતા જેથી પોલીસમાં તેઓની ઓળખ થાય નહીં અને ઓળખ થાય તો રાજસ્થાન દુર પડતુ હોય કોઇ અવાર નવાર તેઓને શોધવા આવે નહીં ગાડી ચોરી કર્યા બાદ એન્જીન તથા ચેસીસ નંબર ઘસી નાંખવાની ગાડી પકડાઇ જાય તો પણ પોલીસ તેના માલિક સુધી પહોંચી શકે નહી અને ચોરીનો ગુનો વણશોધાયેલ રહે. મજકુર આરોપીની ટોળકી અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, મુંબઇ, થાણે, પુણે, નાસીક ખાતે ચોરી કરવા જતા હોવાનું જાણાવેલ છે. મજકુર આરોપી પાસેથી રીકવર કરવામાં આવેલ ફોર વ્હીલ કાર બાબતે તથા વિગતે અન્ય પુછપરછ કરી કરેલ કબુલાત આધારે તપાસ કરતા તે મુજબના કુલ-૧૦ ગુનાઓનો ભેદ ઉકેલવા પામેલ છે. મજકુર આરોપી અગાઉ વાહન ચોરીના ગુનામાં પકડાઇ ચુકેલ છે.

(૧) કાપોદ્રા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૩૨૩/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૨) કતારગામ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૯૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૩) ખટોદરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૩૭૭/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯(૪) ખટોદરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૩૮૦/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ (૫) પુણા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૩૮૧/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ (૬) નાસીક મુંબઇનાકા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૭૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ (૭) નાસીક ભદ્રકાલી પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૪૩૫/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ (૮) ભરૂચ "ડી" ડીવીઝન પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૫૭/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ (૯) ખાર (મુંબઇ) પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૩૨/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ (૧૦) કતારગામ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૫૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯